સાબરકાંઠાના વિજયનગરમાં કોરોનાનો કેસ નોંધાયો : આંકડો ૧૦૪ પર પહોંચ્યો

૪૬ દર્દી સારવાર લઇને સાજા થયા હોવાનો આરોગ્ય વિભાગનો દાવો

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો ખોફ છેલ્લા ત્રણ દિવસથી ઘટી રહ્યો છે ત્યારે ગુરૂવારે સાંજે વિજયનગરમાં એક આધેડ કોરોનાની ઝપેટમાં આવતા તેને સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયો હોવાનું સિવિલના સૂત્રોમાંથી જણાવાયુ છે. ત્રણ દિવસ સુધીમાં એકપણ કેસ ન નોંધાયો હતો. દરમિયાન શુક્રવારે આ આંક ૧૦૪ પર પહોંચ્યો છે, જયારે કોરોનાને લીધે ત્રણ જણાના મોત નિપજયા છે.

આ અંગે આરોગ્ય વિભાગના સુત્રોમાંથી જણાવાયા મુજબ જિલ્લાના તમામ તાલુકાઓમાં કોરોનાએ ભરડો લીધો હોવાને કારણે ઓછાવત્તા પ્રમાણમાં લોકો કોરોનાની ઝપેટમાં આવ્યા છે. દરમિયાન કોરોનાથી વધુ સંક્રમણ ન થાય તે માટે સરકાર દ્વારા અત્યાર સુધીમાં ચાર વખત લોકડાઉન અમલી બનાવાઇ રહ્યુ છે. જેના લીધે જિલ્લામાં ધંધા રોજગાર ઠપ્પ થઇ ગયા હોય તેવી સ્થિતિમાં છે.

જોકે લોકડાઉનમાં અપાયેલી છૂટછાટ બાદ થોડુક જનજીવન ધબકતુ થઇ રહ્યુ છે. જેના લીધે બજારોમાં ચહલ પહલ જોવા મળી રહી છે. દરમિયાન ગુરૂવારે સાંજે વિજયનગરના એક ૫૦ વર્ષના આધેડને કોરોનાના લક્ષણો દેખાતા તેમને સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા છે.ત્યારબાદ આ આધેડના નમુના લઇ ટેસ્ટ કરાતા કોરોના પોઝીટીવના ચિન્હો જણાતા તેમણે તરત જ આઇસોલેશન વોર્ડમાં સારવાર અપાઇ રહી છે. આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૧૦૪ કેસ નોંધાયા છે. જયારે શુક્રવાર સુધીમાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી ૪૬ દર્દીઓ રોગમુકત થતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે તેમ છતાં કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે પ્રજાએ જાતે જ જાગૃત થઇને આ આરોગ્યના નિયમોનું પાલન કરવું હિતાવહ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ત્રણ દર્દીઓના મરણ થયા છે.

મોડાસાની કાર્તિકેય સોસાયટીમાં વૃદ્ધ મહિલા કોરોનામાં સપડાયા

માલપુર રોડ પર ફફડાટ, તંત્રે ડીપી રોડને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કર્યો

મોડાસા, તા. ૨૯

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ દિવસે ને દિવસે વધી રહ્યું છે. આરોગ્યતંત્રએ કોરોનાના ટેસ્ટ કરવાનું ઓછું કરી દીધું હોવાના આક્ષેપ વચ્ચે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણના કેસોમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે. મોડાસા શહેરની માલપુર રોડ પરની કાર્તિકેય સોસાયટીમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલા કોરોનામાં સપડાતા મોડાસા શહેરનો જ આંક ૩૨ પર પહોંચ્યો છે. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સોસાયટી વિસ્તારમાં કોરોના પ્રસરતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. જીલ્લામાં ૧૧૨ લોકો અત્યાર સુધી કોરોનાગ્રસ્ત બન્યા છે, તંત્રે માલપુર રોડથી મેઘરજ રોડ સુધીના માર્ગ પર કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરી સર્વેની કામગીરી હાથ ધરી હતી. ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલા ઘરની બહાર નીકળ્યા ન હોવા છતાં કોરોનાનો ભોગ બનતા લોકલ સંક્રમણનો ભય ફેલાયો છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો હોય તેમ જિલ્લામાં કોરોનાના પોઝેટીવ દર્દીઓનો આંક દિવસેને દિવસે વધતો જાય છે. શુક્રવારના રોજ મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી કાર્તિકેય સોસાયટીના ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલા કોરોના પોઝેટીવ આવતાં તંત્રમાં દોડધામ મચી છે. મહિલાને સારવાર અર્થે હિંમતનગર કોવીડ હોસ્પિટલમાં ખસેડાયા હતા અરવલ્લીમાં બધું એક કેસ કોરોના પોઝીટીવ આવતાં જિલ્લાનો આંક ૧૧૨ પર પહોંચ્યો હતો.

એક તરફ સરકાર લોકડાઉન-૪માં રાહત આપી છે અને બીજી બાજુ કેસોમાં વધારો થતો જાય છે ત્યારે સરકાર માટે પણ હવે આકરી કસોટી છે. હાલ તો અરવલ્લીના આરોગ્યતંત્રમાં દોડધામ મચી છે. બીજી બાજુ વહીવટી તંત્ર દ્વારા મોડાસાની કાર્તિકેય સોસાયટી વિસ્તારને કન્ટેઈમેન્ટ એરીયા તરીકે જાહેર કરી દીધો છે.

વડનગરમાં મહાકાય કોવિડને સીઝેરીયન સેક્શનથી નવજાત ૧૪ દિવસના શીશુ સુવાસ અને સ્વરાએ હંફાવ્યો

હમ નન્હે તો ક્યા હુઆ હિંમતવાલે હે... હવે કોવિડ તુજે હરાનેવાલે હે... મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના મોલીપુર ગામના કદાચ દેશના સૌથી નાની વયના સીઝેરીયન સેક્શનથી તાજા જન્મેલા નવજાત શિશુઓ સુવાસ-સ્વરાએ કોરોનાને પરાસ્ત કર્યો છે. ૧૪ દિવસના સુવાસ-સ્વરાની હિંમત અને ડૉક્ટરોના આત્મવિશ્વાસ થકી આજે વિનાશકારી કોવિડને પીછેહઠ કરવી પડી છે.

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના મોલીપુર ગામની ૩૦ વર્ષીય કોવિડ મહિલાએ ૧૬ મે ૨૦૨૦ના રોજ જોડીયા બાળકો પુરૂષ અને સ્ત્રીને વડનગર મેડીકલ હોસ્પિટલમાં જન્મ આપ્યો હતો. વડનગર મેડીકલ ટીમ દ્વારા જોડીયા બાળકોને અતિ મુશ્કેલ સ્થિતિમાં સફળ ઓપરેશન કરી પ્રથમ સોપાન પુરૂ કર્યુ હતુ. મેડીકલ ટીમે કદાચ દેશમાં સૌ પ્રથમ કોવિડ પોઝીટીવ મહિલા, જોડીયા

બાળકો અને બ્રિચ સ્થિતિ (બાળક આડુ થઈ ગયેલ હોય તેવી સ્થિતિમાં) પણ સફળ ઓપરેશન કર્યુ હતુ.

વડનગર મેડીકલ ટીમ દ્વારા બન્ને બાળકોનો કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી પુરૂષ બાળક સુવાસને ૧૮ મે ના રોજ કોવિડ પોઝીટીવ આવતા કદાચ દેશની સૌથી નાની વયની કોવિડ પોઝીટીવ દર્દી બન્યો હતો. વડનગર મેડીકલ ટીમ દ્વારા ફરીથી સ્ત્રી બાળક સ્વરાનો કોવિડ રીપોર્ટ કરવામાં આવેલ હતો અને તે પણ ૨૨ મે ના રોજ કોવિડ પોઝીટીવ જાહેર થયા હતા.

વડનગર મેડીકલ ટીમ માટે માતા અને તેના બાળકો સુવાસ અને સ્વરાને કોરોના મુક્ત કરવા એ મોટી ચિંતા હતી. વડનગર મેડીકલ ટીમે આ ચેલેન્જને સ્વીકારી અને માતાની સઘન સારવાર કરી કોવિડ મુક્ત થયા અને ત્યારબાદ સુવાસ અને સ્વરાને કોવિડ મુક્ત કરવા માટે ટીમ કટિબદ્ધ બની. સૌથી નાની વયના સુવાસ અને સ્વરાને કોવિડ મુક્ત કરવા માટે મેડીકલ ટીમે ચેલેન્જ સ્વીકારી અને સઘન સારવારની શરૂઆત કરી. સુવાસ અને સ્વરાએ એન.આઈ.સી.યુ.માં દાખલ કરી વીટામીન સહિત ટ્રીટમેન્ટનું ખાસ ધ્યાન રખાયુ છે. જંતુરહિત બાઉલમાં પીપીઈ કીટ સાથે સુવાસ અને સ્વરાને પોષણ મળી રહે તે માટે તેની માતાનું (મીલ્ક એક્ટ્રાકેટેડ (દૂધ ખેંચેલુ) બાળકોને આપવામાં આવતુ હતુ. વડનગરની મેડીકલ ટીમની સતત ૧૪ દિવસની કાળજી બાદ સુવાસ અને સ્વરા કોવિડ મુક્ત થયા છે.

બનાસકાંઠાના વધુ એક દર્દી સ્વસ્થ થતા બનાસ મેડિકલ કોલેજ કોવિડ હોસ્પિટલમાંથી રજા આપાઈ

બનાસકાંઠામાં ૧૦૭ કેસ કોરોના પોઝીટીવ છે તેમાંથી કુલ ૮૪ દર્દીઓને બનાસ મેડિકલ કોલેજ કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલ છે. ભણસાલી હોસ્પિટલ ડીસા ખાતે ૧૩ અને ધારપુર મેડિકલ કોલેજ ખાતે ૨ દર્દીની સારવાર આપવામાં આવેલ છે. જયારે ૮ દર્દીઓ ઘરે સારવાર હેઠળ છે.

આજે તા.૨૯-૫-૨૦૨૦ ના રોજ બનાસકાંઠાના દાંતીવાડા તાલુકાના ભાન્ડોત્રા ગામના ૧ કોરોના દર્દી સ્વસ્થ થતા તેઓને રજા આપવામાં આવી છે. અગાઉ તબક્કાવાર ૭૩ દર્દીઓ સ્વસ્થ થતા તેઓને રજા આપવામાં આવેલ છે. આજે ૧ દર્દીને રજા આપતા કુલ ૭૪ એટલે કે ૯૦ ટકા દર્દીઓ આ સંક્રમણમાંથી સ્વસ્થ થઈ ગયા છે. સાજા થઈને ઘરે જઈ રહેલા દર્દીઓ બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલની સેવાથી સંતુષ્ટ છે અને મેડિકલ ટીમનો આભાર માને છે.

પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ દ્વારા આયુર્વેદિક ઉકાળો બનાવી પીવડાવાયો

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોરોના રોગ સામે રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે

પ્રાંતિજ જાયન્ટસ ગૃપ, એકલવ્ય ફાઉન્ડેશન, મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજ દ્વારા ઉકાળો બનાવી વિવિધ વિસ્તારોમાં તથા પ્રાંતિજ પોલીસ જવાનોને તથા આરોગ્ય કર્મીઓએ પીવડાવવામા આવ્યો હતો.

પ્રાંતિજ ખાતે સેવાકીય પ્રવૃતિમાં કાર્યરત જાયન્ટસ ગૃપ, એકલવ્ય ફાઉન્ડેશન પ્રાંતિજ તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજના સહયોગથી કોરોના રોગ સામે રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે અમૃતપેય ઉકાળો બનાવીને પ્રાંતિજના તપોધનફડી, લાલદરવાજા, હરીઓમ પાર્ક, દેસાઈની પોળ, પટેલવાસ સહિતના વિવિધ વિસ્તારોમાં ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી.ચંપાવતના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ પટેલ દ્વારા દરેક પોલીસ જવાનો તથા ટીઆરપી જવાનો અને હોમગાર્ડઝ જવાનોનેને ઉકાળો પીવડાવવામા આવ્યો હતો તો હાલ તો પ્રાંતિજ જાયન્ટસ ગૃપ, મંગલોદય સેવા પ્રતિષ્ઠાન, એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા કોરોનાને લઈને અને કોરોના પહેલા પણ ઉકાળો બનાવીને પીવડાવવામાં આવતાં નગરજનોમા રોગપ્રતિકાર શકિતમા વધારો થાય છે. આ ગૃપોની સેવા ખરેખર પ્રશંસનીય સેવા કહીએ તો પણ નવાઈ નહીં. ડા.એન.કે. ડેરીયા, મહંત સુનીલદાસજી મહારાજ, હાર્દિકભાઇ બ્રહ્મભટ્ટ, વજેશભાઈ ભાવસાર, અનુજ પટેલ, પિયુષ શાહ, સુનીલભાઈ કડીયા વગેરેની સુંદર કામગીરી જોવા મળી હતી.

પ્રાંતિજના વેપારીઓ દ્વારા નોન વ્હીકલ ઝોનથી પડતી મુશ્કેલીઓ અંગે પ્રાંન્ત કચેરીમાં રજુઆત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડથી સ્ટ્રેટ બેંક સુધીનો મુખ્ય માર્ગ નોન વ્હીકલ ઝોન જાહેર કરવામાં આવેલ છે જેથી વેપારીઓ દ્વારા પડતી મુશ્કેલીઓને લઈને તથા ગ્રાહકો બજારમાં ના આવતાં પ્રાંન્ત કચેરી ખાતે રજુઆત કરી. કોરોનાના વાયરસને લઈને હાલ લોક હાઉન ઉપર લોકડાઉન જાહેર કરવામાં આવી રહ્યું છે તો બીજી બાજુ પ્રાંતિજ મેન બજારમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે પ્રાંતિજ મેન બજારમાં તંત્ર દ્વારા નોન વ્હીકલ ઝોન જાહેર કરવામાં આવતા અહી બજારમાં આવતા વાહનો આવતા નથી જેને લઈને વેપારીઓનુ કહેવું છે કે અત્યારે ધંધા રોજગાર ઉપર અસર પડી છે અને જો કોઈ વાહન ચાલક બજાર માં પોતાનું વાહન કે બાઈક લઈને આવે છે તો પોલીસ દ્વારા ૫૦૦ રૂપિયા દંડ આપવામાં આવે છે ત્યારે દંડ ને લઈને પ્રાંતિજ બજારમાં કોઈપણ ગ્રાહકો ના આવતા વેપારીઓ દ્વારા નોન વ્હીકલ ઝોન ખોલવા માટે પ્રાંતિજ વેપારીઓ દ્વારા આજે પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંન્ત કચેરી ખાતે જઈને સિરેસદાર બી.કે.શાહને રજુઆત કરી તો વેપારીઓ દ્વારા ટેલીફોનિક વાત પણ પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા ને કરી હતી તો પ્રાંન્ત અધિકારી દ્વારા હજુ ૩૧ મી મે સુધી જાહેર નામા નો અમલ કરવા સુચના આપી હતી ત્યારે હવે જોવું એ રહ્યું કે શું ૩૧ મી મે પછી લોક ડાઉન પાંચ આવશે અને આવશે તો લોક ડાઉન પાંચ મા નોન વ્હીકલ ઝોન ફરી રીન્યુ થશે કે કેમ એ તો હવે જોવું રહ્યું.

ડીસા વિભાગીય પોલીસ વડા જલારામ ભોજનાલયની મુલાકાતે

ડીસા, તા. ૨૮

કોરોના કટોકટીમાં ૨૪-૩-૨૦૨૦થી શ્રી જલારામ મંદિર ડીસા ખાતે અવિરત ભોજન ભંડારો ચાલુ છે. જાહેર જીવનના પદાધિકારીઓ

તેમજ જીલ્લા વહીવટીતંત્રના વિવિધ ઉચ્ચ અધિકારીઓએ આ ભોજન ભંડારાની અવારનવાર મુલાકાત લઈ સેવા, વ્યવસ્થા, સગવડ નિહાળી સરાહના પણ કરી છે. તા. ૨૮-૫-૨૦૨૦ ગુરુવારે ડીસાના વિભાગીય પોલીસ વડા કૌશલકુમાર ઓઝાએ જલારામ મંદિર ડીસાના ભોજન ભંડારાની મુલાકાત લઈ તેમના હાથે જ જરૂરીયાતમંદોને ભોજન પીરસવાનો પણ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ અવસરે તેમનું ગુલાબપતી, જલિયાણ ખેસ અને જલારામ દર્શન પુસ્તકથી સન્માન પણ કરાયું હતુ. જલારામ મંદિર ડીસાના ભોજન ભંડારાની વ્યવસ્થા, સગવડ,સરકારી ગાઈડ લાઈનનો અમલ, ખોરાકની ગુણવતા, ટ્રસ્ટીઓની અંગત દેખરેખ, કાર્યકરોની મહેનત એમ બધી બાબતો પ્રત્યે તેમણે અનહદ રાજીપો વ્યક્ત કરી સેવાકાર્યની પ્રશંસા કરી હતી.

આ મુલાકાત વખતે જલારામ સેવકો ઉપસ્થિત રહીને વિભાગીય પોલીસ વડા કૌશલકુમાર ઓઝાને આવકારી સન્માનિત કર્યા હતા તેમજ જલારામ મંદિર ડીસા સંચાલિત ભોજન ભંડારાની તેમજ અન્ય સેવાકીય પ્રવૃતિઓની પણ વિગતો આપી હતી. સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં કોરોના કટોકટીના આવા કપરા સમયે લાખો જરૂરીયાતમંદ માણસોને છેલ્લા ૬૬ દિવસથી નિયમિતરૂપે સવારસાં જ ભોજન પુરુ પાડનાર જલારામ મંદિર ડીસાની આયોજનબધ્ધ ભોજન સેવાથી સમગ્ર ડીસાના નગરજનો પણ રાજીપો વ્યક્ત કરીને આશીર્વાદ અને સહયોગ આપી રહેલ છે.

તલોદ માર્કેટયાર્ડમાં છેલ્લા પાંચ દિવસમાં ૩૨૧૨૩ બોરીની આવક

તલોદ, તા. ૨૯

ઉત્તર ગુજરાતના અગ્રીમ હરોળના માર્કેટયાર્ડોમાં સ્થાન પામેલ અને રોકડા નાંણા ચૂકવી ખેતપેદાશોની ખરીદી કરનાર સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ માર્કેટયાર્ડના તાજેતરમાં ખેતપેદાશોની ધૂમ આવક થવા પામી છે. તલોદના આ યાર્ડમાં છેલ્લા પાંચ દિવસમાં અનેક પ્રકારની ખેતપેદાશો (જણસો) મળી કુલ ૩૨૧૨૩ બોરીની આવક થવા પામી છે. જેમાં ૧૫૭૩૮ બોરી ઘઉં અને ૬૪૪૬ બોરી બાજરીનો પણ સમાવેશ થાય છે.

ખેડૂતોને ખેત પેદાશોના રૂપિયા તત્કાળ રોકડા ચૂકવી દેવા બાબતે તલોદ માર્કેટ યાર્ડની શાખ દાયકાઓથી સારી અને વિશ્વસનીય હોવાથી ખેડૂતોને મન ખેતપેદાશોનું વેચાણ કરવા માટેનું ઉત્તમ સ્થળ તલોદ માર્કેટયાર્ડ છે.

ટેકાના ભાવે ખેત ઉત્પાદનોની ખરીદી કરતા ખરીદ કેન્દ્રોમાં, વેચાણ કરેલ માલના પૈસા લાંબા સમય સુધી મળતા નથી જ્યારે તલોદ માર્કેટ યાર્ડમાં 'ખુલ્લી હરાજી'માં વેચાણ કરેલ ખેત-ઉત્પાદનોની તમામ જણસો (ખેતપેદાશો)ના વેચાણની રકમ તત્કાળ મળી જતી હોવાથી ખેડૂત પરિવારોના વહેવાર પણ સચવાઈ રહ્યા છે.

ચાલુ સાલે લોકડાઉન-૪ના છૂટછાટના સમયગાળામાં તાજેતરમાં છેલ્લા પાંચ દિવસમાં તલોદ માર્કેટયાર્ડમા કુલ ૩૨૧૨૩ બોરી ખેત પેદાશોની વેચાણ માટે આવી હતી. આમ વિક્રમી આવક થતા તલોદ માર્કેટ માર્કેટ યાર્ડનું વિશાળ મેદાન લોક મેળા જેવું ભરચક દશ્યમાન બની રહ્યું છે. જ્યાં કીડિયારા ઉભરાયા હોય તેવા દ્રશ્યો જોવા મળે છે. જોકે તેમ છતાં મહદઅંશે અહીં વર્તમાન કોરોના મહામારી સંદર્ભે સોશિયલ ડિસ્ટન્સ સહિતના સલામતીના પગલા માર્કેટ સુત્રો લઈ રહ્યા છે. જેમાં વેપારીઓ, ખેડૂતો અને શ્રમજીવીઓનો તથા વાહન ચાલકોનો પણ સહકાર મળી રહેવા પામ્યો છે. તલોદ માર્કેટયાર્ડના સમિતિના ચેરમેન કલ્પેશભાઈ ડાહ્યાભાઈ પટેલ તથા વાઇસ ચેરમેન અભયકુમાર આસનદાસ શાહના નેતૃત્વ હેઠળની સમિતિનું આખું બોર્ડ તથા કર્મચારીઓ સતત ખડેપગે રહીને તલોદ માર્કેટયાર્ડમા આવતી અને ખરીદ/વેચાણ થતી ખેતપેદાશો પ્રતિ ધ્યાન રાખી જાગૃતતા કેળવી રહ્યા છે. જ્યા ખેડૂત અને વેપારી એમ બંને પક્ષને અન્યાય ન થાય તેમ સમતુલન જાળવવામાં આવી રહ્યું છે.

તલોદ માર્કેટયાર્ડના સબયાર્ડ હરસોલ ખાતે પણ કેટલીક ખેતપેદાશોના વેચાણની સુવિધા ખેડૂતો માટે ઉપલબ્ધ કરવામાં આવેલ છે. તલોદ માર્કેટ યાર્ડમાંથી ગુજરાતના જ નહીં, બલ્કે અનેક રાજ્યોના અંતરિયાળ પ્રદેશો સુધી વેપારીઓ ખેત પેદાશોની નિકાસ કરતા હોય છે, જે ધંધાનુ ટ્રાન્જેકશન કરોડો રૂપિયામાં થતું હોવાનું જાણવા મળેલ છે.

અહીં ખેડૂતો મધરાત બાદથી પોતાના માલના વેચાણ માટે વાહન લઈને આવી કતારોમાં ઉભા રહેતા હોય છે. જે ખેડુતો, વેપારીઓ તથા માર્કેટ યાર્ડના અધિકૃત સ્ટાફ મિત્રોની હાજરીમાં જ કલાકો સુધી ચાલતી 'જાહેર હરાજી' મારફતે માલનું વેચાણ કરતા હોય છે.

તલોદ માર્કેટયાર્ડના છેલ્લા પાંચ દિવસમાં વેચાણ માટે આવેલ ખેત પેદાશોની ૩૨૧૨૩ બોરીની આવકમાં ઘઉં, બાજરી, વરીયાળી, એરંડા, મકાઈ, રાઈ તથા તમાકુ જેવી જણસોનો સમાવેશ થાય છે. અહીં આ ૫ દિવસમા થયેલ હજારો બોરીની આવકમાં ૧૫૭૩૮ બોરી ઘઉં, ૬૪૪૬ બોરી બાજરી, ૫૬૫૨ બોરી તમાકુ, ૩૬૮૦ બોરી એરંડા, ૪૨૫ બોરી વરીયાળી, ૧૫૨ બોરી મકાઈ અને ૩૦ બોરી રાઈનો સમાવેશ થાય છે.